# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજનો "૩૩ મો સ્થાપના દિન" ઉજવાયો</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે ૨૦ મી નવેમ્બર, ૨૦૧૮ના રોજ કેવિકેના ૩૩ મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી. સદર કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઝારોલા ગામના પ્રગતિશીલ પશુપાલક શ્રી જયેશભાઇ પટેલ, શ્રી રવિભાઈ એસ. મેસવાણીયા પ્રમુખશ્રી ગ્રામસેવક મંડળ, આણંદ તેમજ શ્રી ગણપતસિંહ મહિડા, પ્રગતિશીલ ખેડૂત, મલાતજ ઉપસ્થિત રહ્યા હતા તથા આણંદ જીલ્લાના ગ્રામસેવકો, વિસ્તરણ કાર્યકરો, તેમજ ખેડૂતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. જી. જી. પટેલે કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું ભાવભર્યું સ્વાગત ઉદબોધન કર્યા બાદ કેવિકેની મહતા સમજાવી જેમાં કેવિકે દ્વારા છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન થયેલ કામગીરી તેમજ ખેડૂતો માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃતિ વિષે વિસ્તૃતમાં ચર્ચા કરી. ત્યારબાદ ઝારોલા ગામના પ્રગતિશીલ પશુપાલક શ્રી જયેશભાઇ પટેલે ઓર્ગેનીક ખેતી અપનાવવા માટે સલાહ આપી તેમજ પશુપાલનમાં મૂલ્યવૃધ્ધિ દ્વારા આવક વધારવા અંગેના તેમના અનુભવો તેમજ પશુઓના બાયોવેસ્ટના ઉપયોગ દ્વારા બાયો પ્રોડક્ટસનું ઉત્પાદન કરવા માટે સુચન કર્યુ હતુ. મલાતજ ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી ગણપતસિંહ મહિડાએ પણ પોતાના ખેતીને લગતા મંતવ્યો રજૂ કરેલ. ત્યારબાદ શ્રી રવિભાઈ એસ. મેસવાણીયા એ કેવિકેની પ્રવૃતિઓને બીરદાવતા જણાવ્યુ કે અહી આપવામાં આવતી વિવિધ તાલીમ થકી ખેડૂતો ખુબ જ સારી સમજ કેળવી તેમની ખેતીમાં આધુનીક અભિગમ અપનાવી ખેતી ખર્ચ ઘટાડી આવક વધારવામાં સહભાગી થયેલ છે.

ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) એ સજીવ ખેતીના સેન્દ્રીય ખાતર બનાવવાની વિવિધ પધ્ધતિઓ તેમજ સજીવ ખેતીની નોંધણીની પ્રક્રીયા વિષે માહીતી આપી. ત્યારબાદ શ્રી. જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ) એ વિકાસપીડીયા એપ્લીકેશનની વિસ્તૃતમાં માહિતી આપી જેના દ્વારા ખેડૂતોને ઘરે બેઠા પણ ખેતીને તેમજ અન્ય વિષયોને લગતી માહિતી મળી શકે.

અંતે ડો. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના સ્થાપના દિનની ઉજવણીના કાર્યક્રમમાં હાજરી આપવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવેલ.


33 મો સ્થાપના દિવસ


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
દેવાતજ, જી. આણંદ
33 મો સ્થાપના દિવસ
૨૦ મી નવેમ્બર, ૨૦૧૮


33 મો સ્થાપના દિવસ


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
દેવાતજ, જી. આણંદ
33 મો સ્થાપના દિવસ